150 YEARS OF CELEBRATING THE MAHATMA

<u>નવી સેવા વર્ષ ૨૦૧૯-૨૦</u>

રાજયમાં આવેલ આંગણવાડી કેંદ્રો માટે મ્યુઝીકલ સીસ્ટમની સુવિધા માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૧૯/૨૦૭/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૯-૦૮-૨૦૧૯

<u>ઠરાવઃ-</u>

આંગણવાડી કેન્દ્રોમાં આવતા લાભાર્થીઓ આંગણવાડી કેન્દ્ર દ્વારા આપવામાં આવતી સુચનાઓ, કાર્યક્રમો દરમિયાન સરકારી યોજનાઓ અંગેની જાણકારી/ માર્ગદર્શન તેમ જ વર્ગમાં ગમ્મત સાથે શિક્ષણ સબબ તમામ લાભાર્થીઓને સામુહીક રીતે સમજણ પુરી પાડી શકાય એ હેતુથી દરેક આંગણવાડી કેન્દ્રોમાં મ્યુઝીકલ સીસ્ટમની સુવિધા પુરી પાડવા માટેની નવી બાબત વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે.

આથી રાજયમાં આવેલ આંગણવાડી કેંદ્રો માટે મ્યુઝીકલ સીસ્ટમની સુવિધા માટે પ્રતિ આંગણવાડી દીઠ અંદાજે રૂ. ૫,૦૦૦ ના ખર્ચ લેખે રાજયની ૩૦૦૦ આંગણવાડી કેંદ્રો માટે રૂ.૧,૫૦,૦૦,૦૦૦/- (રૂ. એક કરોડ પચાસ લાખ પુરા) ની નવી બાબતને નીચેની શરતોને આધીન ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતોઃ</u>

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૭) આ યોજના અંગે કોઈ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૭ ના ઠરાવથી સૂચવવામાં આવેલ કાર્યપદ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઈ-માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલ પરથી ખરીદી કરવાની રહેશે. જો કોઈ આઈટમ પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૬/૨૦૧૬ ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૮) જો કોઈ ખરીદી કરવાની થતી હોય તો રૂ.૧.૦૦ લાખથી વધુ કિંમતની ખરીદી નાણા વિભાગના તા. ૧૭/૦૩/૨૦૦૩ ના ઠરાવથી નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ.૫.૦૦ લાખથી વધુ રકમની ખરીદીના કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૮/૦૭/૨૦૧૧ ના ઠરાવથી સૂચવ્યા મુજબ ઈ-ટેન્ડરથી કરવાની રહેશે.

(૯) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૧૦) આ યોજનાના અમલ માટે કોઈ નવુ મહેકમ ઉભુ કરી શકાશે નહિ. આઉટસોર્સિંગ સેવા, ભાડેથી વાહનો સા.વ.વિ.ના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ મુજબ વખતોવખતની સૂચનાઓને આધિન રહેશે.

(૧૧) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહિ.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર : | ૧૦૬ |
| મુખ્ય સદર : | ૨૨૩૬પોષણ |
| પેટા મુખ્યસદર | (૦૨) પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી |
| ગૌણ સદર : | ૮૦૦ અન્ય ખર્ચ |

પેટા સદર : ૧૮ NTR-21 વિજાણું યંત્ર માળખાગત વ્યવસ્થા

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૯/૭/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
3. માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
4. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી "આયોજન" ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.
10. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.
11. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
12. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ.
13. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.
14. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
15. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
16. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
17. મહિલા અને બાળ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ
18. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર – વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
19. શાખા સિલેક્ટ ફાઇલ.